**વીજ મથકોમાં કોલસા અને ગેસના જથ્થાની જરૂરિયાત.**

* 15/4/1403 : શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા(જમાલપુર-ખાડીયા): માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજય સરકાર સંચાલિત વીજ મથકોમાં વર્ષવાર કોલસા અને ગેસના કેટલા જથ્થાની જરૂરીયાત હતી, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર સંચાલિત વીજ ઉત્પાદન કંપની જી.એસ.ઇ.સી.એલ. દ્વારા સંચાલિત કોલસા અને ગેસ આધારિત વીજ મથકો માટે જરૂરી વર્ષવાર કોલસા અને ગેસના જથ્થાની જરૂરિયાત નીચે મુજબ હતી. |

| વર્ષ | કોલસાની જરૂરિયાત* (આંકડા મેટ્રીક ટનમાં) | ગેસની જરૂરિયાત (એમએમએસસીએમડી) |
|---|---|---|
| ૨૦૨૨ (જાન્યુ.-૨૨ થી ડિસે.-૨૨) | ૨૧૩૯૯૪૨૮ | ૪.૦૪ |
| ૨૦૨૩ (જાન્યુ.-૨૩ થી ડિસે.-૨૩) | ૧૯૭૭૫૫૨૬ | ૪.૦૪ |

* વીજ મથક પર મેળવવા માટેના કોલસાની જરૂરિયાત.

(૨) ઉક્ત સ્થિતિએ આ જરૂરીયાત પૈકી કેન્દ્ર સરકાર સમક્ષ કોલસા અને ગેસના જથ્થાની વર્ષવાર કેટલી માંગણી કે દરખાસ્ત રાજય સરકાર દ્વારા કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેન્દ્ર સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો કોલસો અને ગેસ પુરો પાડવામાં આવ્યો ?

(૨) અને (૩) વીજ નિયમન આયોગના નિર્દેશ મુજબ, વીજ ખરીદી મેરીટ ઓર્ડર પધ્ધતિ પ્રમાણે કરવાની હોય છે .જે અન્વયે રાજ્યની વીજ માંગને પહોંચી વળવા માટે મેરીટ ઓર્ડરના ક્રમ પ્રમાણે કોલસા અને ગેસ આધારીત વીજ મથકોમાંથી વીજળીનું ઉત્પાદન મેળવવામાં આવે છે . આમ, કોલસા અને ગેસની જરૂરીયાત સમયાંતરે સતત બદલાતી રહે છે .

ઉક્ત સમયગાળા દરમિયાન રાજ્યમાં વધતી જતી વીજ માંગને પહોંચી વળવા સારુ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યની રજુઆતને ધ્યાને લઈ કેન્દ્રીય સાહસોમાંથી વધારાનો વીજ પુરવઠો વ્યાજબી દરે ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, જેના પરિણામે કુલ વીજ ખરીદ કીમત ઘટાડવામાં મદદરૂપ થયેલ છે. વધુમાં, રાજ્ય સરકાર દ્વારા બિન-પરંપરાગત સ્ત્રોત જેવા કે પવન ઉર્જા અને સૌર ઉર્જાની ક્ષમતામાં વધારો થયેલ હોવાથી તેમાંથી સસ્તા દરે વીજ ઉત્પાદન મેળવવામાં આવેલ છે .

આમ, રાજ્ય સરકાર સંચાલિત વીજ મથકોમાં માંગણી સંદર્ભે જરૂરિયાત મુજબ પર્યાપ્ત માત્રામાં કોલસો મેળવાયેલ છે. જેની વિગત નીચે મુજબ છે:

| વર્ષ | વીજ મથક પર જરૂરિયાત પ્રમાણે મેળવેલ કોલસાનો જથ્થો ( આંકડા મેટ્રીક ટનમાં ) |
|---|---|
| ૨૦૨૨ (જાન્યુ.-૨૨ થી ડિસે.-૨૨) | ૧૪૭૧૭૭૧૩ |
| ૨૦૨૩ (જાન્યુ.-૨૩ થી ડિસે.-૨૩) | ૧૪૬૭૬૮૩૬ |

વધુમાં, ઉપરોક્ત સમયગાળા દરમિયાન આંતરરાષ્ટ્રીય સ્તરે ગેસની તંગી ઉદ્ભવેલ. જેના કારણે ભાવમાં અસામાન્ય વધારો થયેલ તેમજ મર્યાદિત માત્રામાં ડોમેસ્ટિક ગેસનું પ્રોડક્શન થતું હોવાથી ગેસ આધારીત વીજળી ઉત્પન્ન કરવાનો પ્રતિ યુનિટ ખર્ચ પ્રમાણમાં ઘણો વધારે આવતો હોય, રાજ્ય દ્વારા મહત્તમ વીજ માંગ (Peak Demand) દરમિયાન સાતત્યપૂર્ણ અને અવિરત વીજ પુરવઠો જળવાઈ રહે તે હેતુસર જરૂરિયાત પુરતું ખરીદેલ ગેસના ઉપયોગ થકી મેરીટ ઓર્ડરને અનુસરીને ગેસ આધારિત વીજ પ્રોજેક્ટમાંથી ઉત્પાદન મેળવવામાં આવેલ છે.

------